ॐ શાંતિ

# મૃત્યુ એટલે મુક્તિ


: સંકલનકાર :

જયંતિભાઈ ધોકાઈ

જવાહર રોડ, ઓખા.પીન : ૩૬૧ ૩૫૦


શુભેચ્છક

શ્રી ગોર આશ્રમ

રાની ગલી, સપ્ત સરોવર,

હરિદ્વાર (UP) 249410

...... ॐ શાંતિ ......

**મૃત્યુ** કો જાનને કે લિયે જીવન કો જાન લેના આવશ્યક હૈ, જીવન ઈચ્છાઓંકી પૂર્તિ કે લિયે મિલા હૈ. યહ સભી જાનતે હૈ, યદિ સબ ઈચ્છાઓંકી પૂર્તિ હો ગઈ તો ફિર જીવનકી આવશ્યક્તા નહીં હોતી, ઔર જબ જીવનકી આવશ્યક્તા નહીં હોતી તબ મૃત્યુ કી આવશ્યકતા નહીં હોતી. જીવનકી આવશ્યક્તા ન રહને પર દેહાન્ત હોતા હૈ - મૃત્યુ નહીં, ક્યોંકિ મૃત્યુ જીવન કે લિયે હોતી હૈ, અર્થાત્ જો ઈચ્છાએં શેષ રહ જાતી હૈ, ઉનકી પૂર્તિ કે લીયે મૃત્યુ એક અવસ્થા હૈ ઓર કોઈ વસ્તુ નહીં.

■ શરણાનંદ જી મહારાજ

‘ મૃત્યુ એટલે મુક્તિ ’

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | આવૃતિ, | ૧૯૮૫ : ૧૦૦૦ | નકલો |
| દ્વિતીય | ” | ૧૯૮૬ : ૧૦૦૦ | નકલો |
| તૃતીય | ” | ૧૯૮૮ : ૧૦૦૦ | નકલો |
| ચોથી | ” | ૧૯૮૯ : ૧૦૦૦ | નકલો |
| પાંચમી | ” | ૧૯૯૦ : ૧૦૦૦ | નકલો |
| છઠ્ઠી | ” | ૧૯૯૦ : ૧૦૦૦ | નકલો |
| સાતમી | ” | ૧૯૯૨ : ૧૧૦૦ | નકલો |
| આઠમી | ” | ૧૯૯૪ : ૧૦૦૦ | નકલો |
| નવમી | ” | ૧૯૯૫ : ૧૦૦૦ | નકલો |
| દશમી | ” | ૧૯૯૬ : ૧૦૦૦ | નકલો |
| અગ્યારમી | ” | ૧૯૯૭ : ૧૫૦૦ | નકલો |


પ્રકાશક : **જયંતિભાઈ ઘોકાઈ**
જવાહર રોડ, ઓખા ૩૬૧ ૩૫૦

મૂલ્ય : સદ્‌ભાવ

મુદ્રક :

**શ્રી જયેન્દ્રભાઈ ગાંધી**
૧૧, શક્તિ સદન,
જી. એચ. સ્કુલની સામે,
બોરીવલી(પૂ.) મુંબઈ -૬૬.
ફોન. : (૦૨૨)૮૦૫૭૪૯૪

**શ્રી ગીરીશભાઈ રાયચુરા**
નોવેલ્ટી લગેજ સેન્ટર,
ઝંડા ચોક, વાપી(પ.), ગુજરાત
ફોન. : (૦૨૬૩૮) ૮૩૦૬૯.

# મૃત્યુ એટલે મુક્તિ

જીવન અને મૃત્યુ એ પરમાત્માની એક મહાન ભેટ છે. જેમ જીવન કોઇની ઇચ્છાથી નહી. પરંતુ જગતના સર્જનહારની દેણ છે તેમજ મૃત્યુ વિષે જાણવું ઇશ્વરે આ બે બાબત માત્ર પોતાના જ હાથમાં રાખી છે. હજુ ય રાખી છે ! અતિ આધુનિક ને આશ્ચર્યકારક શોધો કરી શકનાર કોઇ મહાવૈજ્ઞાનિક પણ આ બે બાબત હજુય હસ્તગત કરી શકયો નથી અને તેથી જ આપણે સ્વીકારીએ છીએ કે પ્રભુની આ લીલા ખરેખર 'અકળ' છે.

વળી જીવન અને મૃત્યુ બન્ને સ્વભાવિક છે. કાળાનુક્રમે થતી કુદરતી અવસ્થા છે અને

તેથી આ કુદરતી ક્રિયાના પરિચયથી કે પરિણામથી આપણે અતિ હર્ષ કે મહાશોક કરીએ છીએ તે બહુ ઉચિત નથી. જો કે અન્ય પ્રાણીઓ કરતાં આપણે માનવીને આ બન્ને અવસ્થા વધુ 'સ્પર્શે' છે. કારણ કે અન્ય જીવો કરતા માનવી બુદ્ધિશાળી ને વિચારશીલ પ્રાણી છે. એમ કહોને વધુ 'લાગણીશીલ' પ્રાણી છે.

પરંતુ માનવી વિચારશીલ છે તેથી જ તેણે તેના લાગણીતંત્રને પોતાના કાબુમા રાખવું જરૂરી છે. તે તેના જ હિતમાં છે.

જીવન અને મૃત્યુ એ એક સિક્કાની બે અલગ અલગ બાજુઓ જ છે વિદ્વાનોએ કહ્યું છે કે જીવન અને મૃત્યુ એ એક જ જીવનતત્વનાં બે દર્શન છે. અહીં આ બે અવસ્થા વિષયક કેટલાક સંતો

મહાત્માઓ ને વિદ્વાનોના વિચારો સંક્ષેપમાં આપણે જોઇએ. :

'પ્રતિક્ષણ બદલાઇ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ ઉભયનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે ને જ્યાં જીવન છે. ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે.'

— પૂ. શ્રી મોટા

'જીવન માટે મરણ આવશ્યક છે, અનિવાર્ય છે મરણ વિના જીવનની પૂર્તિ થઇ શકતી નથી. તેમજ જીવનમાં પ્રગતિ માટે, નવા નવા ઉન્મેષો માટે અવકાશ જ રહેતો નથી મરણના ચમત્કાર વગર જીવન જડ અને નીરસ બને છે. મરણ છે

તો તાઝગી છે, હું તો એટલે સુધી કહું કે મરણ વિના જીવનમાં આસ્તિકતા પણ ટકે નહિ'.

— કાકાસાહેબ કાલેલકર

"માણસને ફકત એક જ વાર જન્મ અને મૃત્યુ મળે છે એક જ વાર સ્વર્ગ અને નરક મળે છે."

— રોબર્ટ બ્રાઉનીંગ

"દિન ઊગે દિન આથમે, રાત નહિ ચિરકાળ,
ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ."

— સ્નેહરશ્મિ

રાત્રે ઊંઘનારો સવારે જાગે છે એટલી સહેલાઇથી મૃત્યુની ગાઢ નિંદ્રામાં પોઢી જનારો બીજા જન્મમાં જાગૃત થતો હોય છે, મૃત્યુ ને જન્મનું દ્રન્દ્ર જ જીવનચક્રને ગતિમાં ફરતું રાખે છે."

— સંત પુનિતમહારાજ

" જીવનના શતરંજનાં જીવમાત્ર પ્યાદા છે. જગતના નાટકમાં પરમાત્મા દરેક જીવને તેના પ્રારબ્ધ ભોગવવાનો પાઠ ભજવાવે તે પ્રમાણે જીવનને પ્રારંબ્ધ ભોગવવાનો પાઠ ભજવવો જ પડે છે."

— **કર્મનો સિદ્ધાંત**

જન્મ અને મરણનો કોઇ ઇલાજ નથી, સિવાય કે વચલા ગાળાને ખૂબ માણી લેવો.

— **સાંતાયના**

કોને ખબર છે આવતી પળે તમે છો કે નહિ ? એક પળ જે હાથમાં આવી છે તેને પૂરી રસિકતાથી જીવી લો.

— **વિમલા ઠાકર**

" માનવમાત્ર મોક્ષનો આધિકારી છે અને માનવશરીર મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ મળ્યું છે માનવશરીર ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત ના કરી લે તો પછી ચોરાસી લાખ યોનિમાં ફરી

ભટકવાની દશા આવે મનુષ્ય માત્ર દેહના બંધનમાંથી છૂટીને પરબ્રહ્મમાં લીન થવાને ધારે તો સમર્થ છે અને સ્વતંત્ર પણ છે. કારણ કે તે પરાત્પર બ્રહ્મનો જ અંશ છે અને તેમાં જ લીન થવાને-મોક્ષ પ્રાપ્ત કરવાને માટે તે આખરે સર્જાયો છે પરંતુ જયાં સુધી તે આ જન્મનાં પૂરેપૂરાં પ્રારબ્ધ ભોગવી ન લ્યે અને પાછળના અનાદિકાળના અનેક જન્મ જન્માંતરના જમા થયેલા અસંખ્ય- હિમાલયો ભરાય તેટલાં સંચિત કર્મના ઢગલાને આ જીવનકાળ દરમ્યાન સાફ ના કરે ત્યાં સુધી તેને વારં વાર અનંતકાળ સુધી અનેક જન્મો અનેક દેહ ધારણ કરવા જ પડે અને ત્યાં સુધી તેને મોક્ષ મળે નહિ. ''

— કર્મનો સિદ્ધાંત

કેટલાંક દુ:ખ ખરેખર ટાળવા જેવાં હોય છે

જે ટાળવાનો પુરો પ્રયત્ન કરવો. પણ કેટલાક દુ:ખ ટાળવા જેવાં હોવા છતાં ટળતાં નથી. એવાં દુ:ખ તો બહાદુરીથી સહન કર્યેજ છૂટકો. સુખ અને દુ:ખ મનુષ્યને માટે તો એક સરખું જ મહત્ત્વ ધરાવે છે. જીવન માટે બન્નેની જરૂર છે. જીવનમાં એકલું સુખ જ હોય તો જીવન વિકૃત થઇ જાય જીવનમાં કેવળ દુ:ખ જ હોય તો પણ જીવન અસહ્ય અને વિકૃત બની જાય....ઇચ્છા ન હોવા છતાં મરણ તો આવે જ છે. તેથી મરણ બદલ માણસો શોક કરે છે. વાસ્તવમાં તો મરણ એ ઇશ્વરે આપણને આપેલું ઉત્તામ વરદાન છે....

...ગાંધીજી કહેતા હતા કે જે રીતે ઝાડ ઉપર ખારેક પાકીને સુકાઇ જાય એટલે પોતાનાં ડીંટાને સહેજ પણ દુ:ખ કે ત્રાસ ન આપતાં ખરી પડીને

વૃક્ષથી અલગ થઇ જાય છે તે જ રીતે માણસે પણ પોતાના મનમાં કશો વસવસો ન રાખતાં આ જગતની વિદાય લેવી જોઇએ... એકાદ પ્રિય વ્યકિતનું મૃત્યુ થતાં આપણને દુ:ખ થાય એ સ્વભાવિક છે કારણ કે આપણે તેનો સહવાસ ગુમાવીએ છીએ. કયારેય એવું મૃત્યુ આપણી દ્રષ્ટિએ અનિષ્ટ હોવા છતાં મરનારની દ્રષ્ટિએ તે ઇષ્ટ ને હિતાવહ જ હોઇ શકે. એવે વખતે આપણે આપણું દુ:ખ ગળી જ જવું જોઇએ...

...ખરેખર તો મરણમાં દુ:ખ નથી જેને આપણે મરણનું દુ:ખ છે. એ દુ:ખ જયારે અસહ્ય બને છે ત્યારે મિત્રની માફક મરણ આવીને માણસનો એ દુ:ખમાંથી છૂટકારો કરે છે. જેટલી આવશ્યકતા

ઊંઘની છે તેટલી જ જરૂર મૃત્યુની પણ છે. શરીરને માટે ઊંઘ જેટલી પૌષ્ટિક છે તેટલું જ પ્રાણ માટે મૃત્યુ પૌષ્ટિક છે જીવનથી થાકેલા કે માંદા માણસને યોગ્ય સમયે મૃત્યુ આવે તે ઇષ્ટ છે.

— કાકાસાહેબ કાલેલકર

જો તમારે માત્ર એક જ કલાક જીવવાનું બાકી હોય તો તમે શું કરશો ? તમે એ કલાક પૂર્ણતાથી જીવશો. તેવી જ રીતે તમે તમારા જીવનની પળેપળ પૂર્ણતાથી જીવશો તો તમને મૃત્યુનો કોઇ જ ડર લાગશે નહીં.

— જે. કૃષ્ણમૂર્તિ

જેના જીવનમાં શાંતિ હોય તેને મૃત્યુમાં સમાધિ મળે જેને મૃત્યુમાં સમાધિ હોય તેને પરલોકમાં સદ્‌ગતિ થાય તેને અંતે મુક્તિ મળે.

— પૂ. શ્રી બંધુ ત્રિપુટી

મૃત્યુ સે બડા જૂઠ મૈંને કભી દેખા નહીં.

— ઓશો રજનીશ

જે કફન કહેવાય છે 'બેફામ' બીજુ કંઈ નથી છે.
જિંદગીના મોત સાથેના લગ્ન ની જોડ છે.

— કવિ બેફામ

જેનું સર્જન થાય, જે જન્મે તેનો નાશ જ ના થાય, કોઈ મરે જ નહિ, દાદા અને પુત્રો-પૌત્રી કોઈ આ જગત છોડીને જાય જ નહિ તો આ પૃથ્વીનું શું થાય? આ કલ્પના કરતાં જ ધ્રુજારી છૂટી જાય છે. મૃત્યુ છે એટલે જ જીવન જીવવાનો આનંદ છે. પરિવર્તન છે. એટલે જ તેનાથી માણસ બોધપાઠ લઈ સત્કર્મ કરી ઉચ્ચ જીવન જીવવા માટે નીતિમય, સાચું અને સારું જીવવા માટે નીતિમય, સાચું અને સારું જીવવા પ્રેરાય છે.

— શક્તિ દળ

પ્રભુ સ્મરણ એ સંસારસાગર તરવાની નાવ છે. મુકિત પામવી તે દરેક આત્માનો જન્મસિદ્ધ હકક

" દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત"

—શ્રીમદ્ રામચંદ્રજી

❊

'જીવનની આખી ગતિ - વર્તુલાકાર છે જેમાં જે જયાંથી શરૂ થાય છે તેમાં જ તે ત્યાં સમાપ્ત થાય છે! જન્મ જે બિંદુ ઉપર ઘટિત થાય છે તે જ બિંદુ ઉપર મૃત્યુ પણ ઘટિત થાય છે. મૃત્યુ જન્મથી વિપરિત નથી. જન્મની સાથે જોડાયેલું એક બીજું કદમ છે, સર્જન શ્રમ છે, વિસર્જન વિશ્રામ છે, જીવન શ્રમ છે, મૃત્યુ વિશ્રામ છે. ખરેખર તો મૃત્યુ

જીવનને સમાપ્ત નથી કરતું પરંતુ નવું જીવન બક્ષે છે. Death is the fullstop between life and rebirth. તેથી જ મૃત્યુની ક્ષણ અવસાદની ક્ષણ નથી પરંતુ ઉત્સવની ક્ષણ છે.

'મૃત્યુનું મહાત્મ્ય' માંથી

જીવનું અંતિમ લક્ષ્ય પ્રભુધામ છે અને એ પ્રભુધામે પહોંચવા માટે મૃત્યુ સ્મરણ એ રામબાણ ઇલાજ છે. મૃત્યુ નું સતત સ્મરણ આપણને પાપમાંથી બચાવે. ઇશ્વરનું સ્મરણ કરાવે છે.

સ્વામી શ્રી નૃસિંહગીરી મહેતા

આ દેહ ચિરકાળ રહેવાનો નથી. કોઇનો પણ કયા રહ્યો છે ? આવા દેહની ચિંતા તો એ જ માણસ રાખે કે જે વિષયલાલસામાં બંધાયેલો હોય.

સ્વામી શ્રી પ્રાણવાનંદજી

તમારા અંતરમાં જ સર્વ સુખનો મહાસાગર છે નાશવંત એવી બાહ્ય વિષય વસ્તુઓમાંથી સુખ શોધવાનો વ્યર્થ પ્રયાસ છોડી અંતર્મુખ બનો અને પરમ્ સુખ માણો તમારા આત્મારૂપી ઇશ્વરમાં સ્થિર થઇ પરમ શાંતિનો અનુભવ કરો. તમારા અહંકારને વિલીન કરો. તમારૂં સર્વસ્વ એને ચરણે ધરી દો. શરણાગત બનો અને પછી એ તમારી બધી જ કાળજી લેશે. — **સ્વામી શિવાનંદજી**

જીસ દિન જીવન મૃત્યુ કે સાથ રહને કો રાજી હો જાતા હૈ ઉસ દિન જીવન ***'પરમ જીવન'*** બન જાતા હૈ. — **ઓશો રજનીશ**

'આયા હય સો જાયગા, રાજા રંક ફકીર,
કોઇ સિંહાસન ચઢ ચલે, કોઇ બાંધ ઝંઝીર.'

— **કબીર**

## IN THE MIDST OF LIFE
## WE ARE IN DEATH &
## IN THE MIDST OF DEATH
## WE ARE IN LIFE.

આ આખું જગત આપણી માલિકીનું છે આપણે પોતે બ્રહ્માંડના માલિક છીએ ! પણ આપણી ભૂલથી બંધાયેલા છીએ... આ બહું ઊંડી વાત છે. તમામ શાસ્ત્રોનો સાર કહુ છું. આ તો 'ત્યાંનું' જજમેન્ટ કેવી રીતે ચાલી રહ્યું છે. તે કહ્યું છું કે - "ભોગવે તેની ભૂલ."

— પૂ. શ્રી દાદા ભગવાન

ગમેતેટલી વહાલી વસ્તુ હોય પરંતુ તે છોડીને જ ચાલ્યા જવું પડે છે, જે કોઇ જન્મ્યું છે તે નાશ પામ્યા વિના રહેતું જ નથી.

— ભગવાન બુદ્ધ

મેરા મુઝમે કછુ નહીં,
જો કુછ હૈ સો તોર,
તેરા તુઝકો સોંપને,
ક્યા જાયગા મોર !

- કબીર

પુનરપિ જનનમ્ પુનરપિ મરણમ્
પુનરપિ જનનિ જઠરે શયનમ્
ભજ ગોવિંદમ્ ભજગોવિંદમ્
ગોવિંદમ્ ભજ મૂઢ મતે !

- શંકરાચાર્ય

જન્મ જીવનપૂજાનો પ્રારંભ છે.
મરણ પૂજાને અંતે મળતો પ્રસાદ છે.

- સ્વામી શ્રીકાન્ત આપટે

ઉચ્ચમા ઉચ્ચ વસ્તુઓ તમારા પગ નીચે છે. કારણ કે તમે દિવ્ય ગ્રહો છો. આ સર્વે વસ્તુઓ જે તમારા પગ નીચે

છે ,તે તમે ઇચ્છો તો મુઠ્ઠીઓ ભરી ભરીને ગ્રહોને ગળી જઇ શકો. તમારી સાચી પ્રકૃતિ તો આવી છે. સબળ બનો,સર્વ વહેમોથી પર જાઓ અને મુક્ત બનો. - સ્વામી વિવેકાનંદ

મૃત્યુ ભયંકર નથી તેમ વિકરાળ પણ નથી એતો ઉમદા સાથી છે અને પરમ મંગલ પરમાત્માનો એ સંદેશવાહક છે. - સં.

* પ્રભુ સ્મરણ એ સંસાર સાગર તરવાની નાવ છે.
* મુક્તિ પામવી તે હરેક આત્માનો જન્મ સિધ્ધ હક્ક છે.
* મૃત્યુ એટલે નવસર્જન માટે વિસર્જન.
* જેને મૃત્યુ મહોત્સવરૂપ છે અને સતત તેની ઝંખના કરે છે તે સાવધાન છે.

મૃત્યુ એ સંસારમાં અનાદિ અનંત ઘટના છે. ક્યારેય મૃત્યુ અટક્યુ નથી. સ્વજનના મૃત્યુ બાદ બે જ માર્ગ છે :- **એક માર્ગ છે** મૃત્યુ પાછળ શોક કરીને તૂટી મરવાનો, **બીજો માર્ગ છે** મૃત્યુ જેવી ઘટના પરથી બોધપાઠ લઇને જાગી જવાનો.

* યે કાયા કાંચકા કૂંભા, નાહક તું દેખકે ફૂલતા,
પલકમેં ફૂટ જાયેગા, પત્તા જ્યું ડાલસે ગિરતા !

* मरणं मंगलं यस्य, सकलं तस्य जीवनम् ।

* बलीयसी केवलमीश्वरेच्छा ।

* सर्वत्र सुखिन :सन्तु
सर्व सन्तु निरामया :
सर्वे भद्राणि पश्यन्तु
मा कश्चित दु:खमाप्नुयात् ।

# અંજલિ ગીત

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે
લખચોરાસી બંધનોને લક્ષમાં લઈ કારજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

સુસંપત્તિ સુવિચાર સત્કર્મનો દઈ વારસો
જનમોજનમ સતસંગથી કિરતાર પાર ઉતારજો
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી
દિયો દેહ દુર્લભ માનવીનો ભજન કરવભાવથી
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

**આ પુસ્તિકાના પ્રકાશનમાં સપ્રેમ સહયોગ આપનારા શુભેચ્છકો :**

(૧) શ્રીમતી વસુમતી જે. ધોકાઇ - ઓખા
(૨) શ્રી પ્રફુલચંદ્ર પરમાણંદ ગોહીલ (રાજકોટ સોપ ફેકટરી વાળા)
(૩) શ્રી બુધુભા વિરમભા (મે વિરમભા આશાભાનીકું.-ઓખા)
(૪) શ્રી ભોગીલાલ કે. શાહ - મુંબઇ
(૫) શ્રી GOR - મોરબી
(૬) શ્રી બિપીનભાઇ સોલાકી - મોરબી
(૭) શ્રી છોટુભાઇ એ. પટેલ - વડોદરા
(૮) શ્રી વી. ડી. કSSS - વારાણસી
(૯) શ્રી પ્રવિણકુમાર પી. પાબારી - દ્વારકા
(૧૦) શ્રી વિજયકુમાર બી. બારોટ - મહેસાણા
(૧૧) શ્રી ગોર આશ્રમ - હરીદ્વાર (U.P.)
(૧૨) શ્રી મનસુખભાઇ એમ. મહેતા - વડોદરા
(૧૩) શ્રી ગોર આશ્રમ - હરિદ્વાર (U.P.)

# જિજ્ઞાસુઓને નમ્ર વિનંતી

આ પુસ્તિકા આપ શાંતિથી વાંચી જશો અને અન્ય સ્વજનોને પણ વંચાવશો, અથવા વાંચી સંભળાવશો. આ પુસ્તિકાનો વધુ પ્રસાર થાય તે માટે આપ ઓછામાં ઓછી પાંચ નકલો મંગાવીને આપના આસપાસના વિસ્તારમાં કે સગાં-સ્નેહીઓમાં વહેંચી દેશો. આ સત્કાર્ય માટે આપ સંકલનકાર (પ્રકાશક)નો સંપર્ક સાધી જરૂરી ટપાલ ખર્ચના ચાર રૂપિયા ટપાલ ટિકીટના સ્વરૂપે મોકલી નકલો મંગાવી લેશો. આ સત્કાર્યમાં સહયોગ આપશો.

પ્રભુકૃપાએ આપ થોડો આર્થિક ખર્ચ કરવા ઇચ્છતા હો તો આ પુસ્તિકાની વધુ નકલો છપાવીને પણ વહેંચી શકશો, પરંતુ તે માટે સંકલનકારનો અગાઉથી સંપર્ક સાધી પત્રવ્યવહાર કરશો એવી વિનંતી. ●

ભગવાન કહતે હૈ કિ જબ કભી
तुम અપને પ્રિયજનો કી मृत्यु પર
શોક કરતે હો, યા मृत्यु से ભયાતુર
હોતે હો તબ तुम કિતને હી વિખ્યાત
શાસ્ત્રવેદ જ્ઞાતા પંડિત બનો પરંતુ
तुम જૂઠે પંડિત હૈ વે વિનાશી દેહોં
કી मृत्यु પર શોક નહીં કરતે. જો
વિનાશી હૈ ઉસકે લીયે શોક
નિતાન્ત વ્યર્થ હૈ.

- શ્રી સાધુવેશમેં એક પથિક

# પંખીડાનો મેળો

કોઇ આજ જશે, કોઇ કાલ, આ તો પંખીડાનો મેળો.
આ છે પંખીડાનો મેળો, આ છે યુગદર્શનનો ફેરો.
માટે ભજી લો દીનદયાળ, આ તો પંખીડાનો મેળો.
ઋણાનુબંધે સરવે મળીયાં, પૂર્વજન્મના સુકૃત ફળીયા.
જેવા આવ્યા એવા જાય, આ તો પંખીડાનો મેળો.
માયાનો આ ખેલ છે ખોટો, જેવો પાણીનો પરપોટો.
ક્યારે ફુટે જે કહી ન શકાય, આ તો પંખીડાનો મેળો.
સાથે કોઇ ન આવ્યું કે આવે, સૌએ સૌને રસ્તે જાવે.
જેમ જેમ વાદળીયાં વિખરાય, આ તોપંખીડાનોમેળો.

( પૂ. મોરારીબાપુની રામકથામાં ગવાયેલું)

